ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

જિલ્લા પંચાયતે ૭ વિલેજ કોમ્પ્યુટર સાહસિકોને બરતરફ કરવાનો નિર્ણય લીધો

વિલેજ કોમ્પ્યુટર સાહસિકો સામે તંત્રએ લાલ આંખ કરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતે આજે ૭ જેટલા વિલેજ કોમ્પ્યુટર સાહસિકોને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના પીવીસી કાર્ડ વિતરણ કરવાના ઈન્કારને પગલે બરતરફ કરવાનો નિર્ણય કર્યો છે.

જિલ્લાના ગાંધીનગર તાલુકાના જાખોરા, જમિયતપુરા, ટીંટોડા, શેરથા, વાસણા, ડભોડા, ઉનાવાના વિલેજ કોમ્પ્યુટર સાહસિકોને બરતરફ કરતા હુકમોની બજવણી કરી દેવામાં આવી છે તેમજ આ અંગેની જાણ તાલુકા વિકાસ અધિકારીની કચેરીને પણ તેની નકલ મોકલી આપવામાં આવી છે.

જિલ્લામાં વિલેજ કોમ્પ્યુટર સાહસિકો સામે તંત્રએ લાલ આંખ કરી છે. આયુષ્યમાન ભારતના કાર્ડ વિતરણનો ઈન્કાર કરતાં કામગીરીને વિપરીત અસરો પડી હતી અને તેથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

એક તરફ વિલેજ કોમ્પ્યુટર સાહસિકો તેમના પ્રશ્નોને લઈ આંદોલન કરી રહ્યા છે ત્યારે તંત્રએ લાલ આંખ કરી હોવાથી તંત્રમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.

ધોળાકુવામાં ગટર ઉભરાવવાની ઘટનાને પગલે તંત્ર અને પદાધિકારીઓ દોડ્યા

પીવાના પાણીના નવા નેટવર્ક માટે ડી.પી.આર. ૧૫ દિવસમાં તૈયાર કરવા સૂચના આપી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરના પાદરમાં વસેલા ધોળાકુવા ગામે ગટર ઉભરાવવાની ઘટના અને પાણીની સમસ્યા જોઈ મનપાના સત્તાવાળાઓ ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના તંત્રને આપી હતી.

મળતી વિગતો પ્રમાણે ચાલી રહેલા ખોદકામને પગલે ટોરેન્ટનો કેબલ કપાઈ જતાં ડ્રેનેજ વોટરનો સંપ બંધ થઈ જતાં ગટર ઉભરાવવાની ગંભીર સમસ્યા ઉભી થઈ હતી. આ અંગે સત્તાવાળાઓનું ધ્યાન દોરવામાં આવતાં મેયર હિતેષ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ અને સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ

પટેલ તાબડતોબ ટીમ સાથે ત્યાં પહોંચ્યા હતા.

તપાસ હાથ ધરતાં સમસ્યા વધુ ગંભીર બને તે પૂર્વે ટોરેન્ટને તાત્કાલિક કેબલ રિપેરીંગની સાથે સાથે ચાલી રહેલા ખોદકામમાં કાળજી લેવાની તંત્રને સૂચનાઓ આપી હતી. તંત્ર દ્વારા ડી.પી.આર. તૈયાર થઈ આવ્યા પછી તુરત જ નવુ નેટવર્ક ઉભુ કરવામાં આવશે અને પાણીની સમસ્યા પણ આગામી ત્રણ માસમાં ઉકેલવાની હૈયાધારણ ગ્રામજનોને આપી હતી.

એક તરફ નલ સે જલ અભિયાન અંતર્ગત ગાંધીનગરને પુરસ્કાર રાષ્ટ્રીય કક્ષાએ મળ્યો છે પણ દિવા તળે જ અંધારૂ જોઈ ચોંકી ઉઠેલા પદાધિકારીઓએ તંત્રને તાકીદે કામ કરવાની સૂચના આપી હતી. ડ્રેનેજ માટે પણ એકસ્ટ્રા મોટર અને પંપીંગ રૂમ બનાવવા જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં ગટર ઉભરાવવાની અને પાણીની સમસ્યા વધી રહી છે એટલુ જ નહિ સત્તાવાહકો માટે પણ હવે શિરદર્દ બની ગઈ છે. એક દિવસ અગાઉ પાણી પુરવઠા મંત્રીએ પણ શહેરમાં પાણીની સમસ્યાને લઈ સેક્ટરોના વસાહતીઓ સાથે જાતે જઈ સંવાદ કર્યો હતો અને જે ખાડારાજ બન્યુ છે તેનું કામ સંતોષકારક કરવાની કડક સૂચના આપી હતી જે ઉલ્લેખનીય છે.

આવતીકાલે ગાંધીનગરમાં વિશ્વાસની વિકાસ યાત્રા ભાગ-૨ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આગામી ૨૧મીએ વિશ્વાસની વિકાસ યાત્રાનો બીજો તબક્કો યોજવામાં આવશે.

હજુ પ્રધાનમંત્રી મોદીની યાત્રા સંપન્ન નથી થઈ ત્યાં જ વિશ્વાસની વિકાસ યાત્રાના બીજા તબક્કાના આયોજન સહિતની કામગીરી આવી જતાં તંત્ર આજે બપોર પછી આની દોડધામમાં વ્યસ્ત બની ગયુ છે.

મળતી વિગતો પ્રમાણે આ આયોજનની રૂપરેખા તૈયાર કરી દેવામાં આવી છે અને તેને આખરી ઓપ આપવા જિલ્લા કલેક્ટર ડી.કે. પ્રવિણાએ સવારે ૧૧.૩૦ વાગે અધિકારીઓની બેઠક પણ બોલાવી છે.

જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં રૂ. ૧ કરોડથી ૧૦ કરોડના કામોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને અન્ય બાબતો આખરી કરવામાં આવશે. જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવાના કાર્યક્રમનું સ્થળ લગભગ નિયત થઈ ચુક્યુ છે તે જી.એમ.ઈ.આર.એસ.ના હોલમાં યોજાશે. વિશ્વાસની વિકાસયાત્રાના આ બીજા તબક્કાના કામો માટેની લગભગ યાદી તૈયાર કરવામાં આવી છે પરંતુ આખરી ઓપ બેઠકમાં જ આપવામાં આવશે.

અદ્‌ભૂત નજારો - ગાંધીનગરના ગગનમાં ભારતની સંરક્ષણ ટેકનોલોજીના શક્તિનો અદ્‌ભૂત નજારો બનવાનું સૌભાગ્ય ગાંધીનગરવાસીઓને મળ્યું... ડિફેન્સ એક્સ્પો અંતર્ગત સંરક્ષણ મંત્રાલય દ્વારા ૧૬૦૦ ડ્રોનનો ભવ્યતાભવ્ય શૉ યોજાયો હતો... હજારો નાગરિકોએ હર્ષનાદથી સમગ્ર ડ્રોન-શૉને વધાવ્યો હતો... જવલ્લેજ નિહાળવા મળતો આ ડ્રોન-શૉમાં અનેક આકર્ષક કૃતિઓ દર્શાવવામાં આવી હતી... આ ડ્રોન-શૉ નિહાળવા ગાંધીનગર ઉપરાંત અનેક શહેરોમાંથી નાગરિકો ઉમટી પડ્યા હતા...

જરૂરિયાત મંદ લોકોને સામાજિક સુરક્ષા પ્રદાન કરતી ડબલ એન્જિન સરકાર

ગરીબ કલ્યાણ મેળા

- ગરીબોને તેમનો હક સીધો હાથમાં મળે તે માટે રાજ્યની ડબલ એન્જિન સરકાર ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરે છે.
- ગરીબ કલ્યાણ મેળાનો ઉદ્દેશ્ય છે કે લાભાર્થીને યોજનાનો લાભ સીધો તેના હાથમા મળે અને પારદર્શીતા આવે જેથી લોકોનો સરકારમાં વિશ્વાસ વધે.
- ગરીબ કલ્યાણ મેળાના પરિણામે રાજ્યના અંતરિયાળ વિસ્તારમાં લાભોથી વંચિત રહી જતા લાભાર્થીઓ પર ધ્યાન કેન્દ્રીત થયું છે.
- અત્યારસુધીમાં રાજ્યમાં કુલ ૧૩ તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા રાજ્ય સરકારે ૧.૭૦ કરોડથી વધુ લાભાર્થીઓને રૂપિયા ૩૫ હજાર કરોડથી વધુની સહાય સીધી હાથમાં આપી છે.

આર્થિક સહાય

- સંત સુરદાસ યોજના હેઠળ ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૬૦૦/- સહાય આપવામાં આવતી હતી જે વધારીને રૂ. માસિક રૂ. ૧૦૦૦/- કરવામાં આવી.
- ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન યોજના હેઠળ ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ. ૬૦૦/- સહાય આપવામાં આવતી હતી જે વધારીને માસિક રૂ. ૧૦૦૦/- કરવામાં આવી.
- બૌધ્ધિક અસમર્થતા ધરાવતા (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય યોજનામાં બૌધ્ધિક અસમર્થતા,સેરેબલ પાલ્સી અને ઓટીઝમ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગોને અગાઉ ૭૫ ટકા દિવ્યાંગતાની ટકાવારી ધ્યાને લઈ માસિક રૂ. ૧૦૦૦/- સહાય આપવામાં આવતી હતી જે ટકાવારીમાં ઘટાડો કરી ૫૦ ટકા કરવામાં આવી છે.
- દિવ્યાંગજનો માટે સાંકેતીક ભાષાની સુવિધા સાથેની હેલ્પ લાઈન શરૂ કરવાની નવી બાબત મંજુર કરવામાં આવેલ છે.
- દિવ્યાંગ શિષ્યવૃતી યોજના હેઠળ દિવ્યાંગ વિદ્યાર્થીને અપાતી શિષ્યવૃતીની રકમમાં દરેક સ્તરે રૂ. ૫૦૦/- નો વધારો કરવામાં આવી છે.
- ઈન્દિરા ગાંધી રાષ્ટ્રિય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ ૬૦ થી ૭૯ વર્ષના લાભાર્થીઓને માસિક રૂ.૭૫૦/-આપવામાં આવતી હતી જેમાં રૂ.૨૫૦/-નો વધારો કરી સહાય રૂ.૧૦૦૦/-કરવામાં આવી અને ૮૦ કે તેથી વધુ વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/-સહાય આપવામાં આવતી હતી જેમાં રૂ.૨૫૦/-નો વધારો કરીને રૂ.૧૨૫૦/- કરવામાં આવી છે.
- નિરાધાર વૃધ્ધ અને દિવ્યાંગોને આર્થિક સહાય પેન્શન યોજના હેઠળ ૬૦ થી ૭૪ વર્ષના લાભાર્થીઓને માસિક રૂ. ૭૫૦/- સહાય આપવામાં આવતી હતી જેમાં રૂ.૨૫૦/-નો વધારો કરી સહાય રૂ.૧૦૦૦/- કરવામાં આવી અને ૮૦ વર્ષ કે તેથી વધુ વયના લાભાર્થીઓને માસિક રૂ.૧૦૦૦/-સહાય આપવામાં આવતી હતી જેમાં રૂ.૨૫૦/-નો વધારો કરીને રૂ.૧૨૫૦/- કરવામાં આવી છે.



- વૃધ્ધ સહાય મેળવતા લાભાર્થીનું અવસાન થતા તેઓની અંત્યેષ્ઠિ માટે તેઓના વારસદારોને રૂ.૫૦૦૦/- ની સહાય આપવાની નવી યોજના અમલમાં મુકવામાં આવી છે.

વિદ્યાર્થીઓને અપાતી સહાય

ડો. આંબેડકર સ્કોલરશીપ લોન યોજના

- ડૉ. આંબેડકર સ્કોલરશીપ લોન યોજનાની શરૂઆત વર્ષ ૧૯૯૮-૯૯ થી થઈ છે અને વર્ષ ૨૦૨૦-૨૧ સુધી કુલ ૧,૯૭૪ લાભાર્થીઓને રૂ. ૨૪૮.૪૬ કરોડની લોન આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ રૂ. ૪૦.૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે અને ૨૬૬ વિદ્યાર્થીઓને લાભ આપવાનું આયોજન છે.

ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી

- શૈક્ષણિક સુવિધાઓ ધરાવતા ૧૦ શહેરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, આણંદ, જામનગર, ભુજ (કચ્છ), હિમતનગર(સાબરકાંઠા) અને પાટણ જિલ્લામાં ૧૦ કુમાર અને ૧૦ કન્યા એમ કુલ ૨૦ સમરસ છાત્રાલયોનું કુલ રૂ. ૭૬૨.૦૦ કરોડના ખર્ચે બાંધકામ કરવામાં આવેલ છે. જેમાહાલ ૧૩,૦૦૦ વિદ્યાર્થીઓને વિના મુલ્યે રહેવાની-જમવાની સવલત આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૬-૧૭ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ ૪૩,૮૦૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે. જેના વહીવટ અને નિભાવ પેટે કુલ રૂ. ૧૩૮.૬૨ કરોડનો ખર્ચ થયો છે.

વિદેશ ઉચ્ચ અભ્યાસ લોન યોજના

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે આ યોજના તા. ૩/૧૨/૨૦૦૧ થી અને આર્થિક પછાત વર્ગ માટે આ યોજના તા.૦૫/૦૩/૨૦૧૬ થી અમલમાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧ અંતિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ૧૪૪૮ વિદ્યાર્થીઓને ૧૫૬.૨૭ કરોડ ચૂકવવામાં આવેલ છે. અને આર્થિક રીતે પછાત વર્ગના ૩૪ વિદ્યાર્થીઓને ૩.૬૨ લાખ લોન ચૂકવવામાં આવી છે.

પ્રિ-મેટ્રિક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના

- વર્ષ ૨૦૨૦-૨૧ અંતિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતી જાતિ અને વિચરતી-વિમુકત જાતિના પ્રિ-મેટ્રિક તથા પોસ્ટ મેટ્રિકના ૯,૦૯,૮૮,૨૨૮ વિદ્યાર્થીઓને ૩૮૩૨.૪૪કરોડની શિષ્યવૃત્તિ/સહાય ચૂકવવામાં આવી છે.

સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય)

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગમાં વર્ષ ૧૯૯૯-૨૦થીઆ યોજના અમલમાં આવેલ છે.વર્ષ ૨૦૨૦-૨૧ અંતિત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગતથા આર્થિક રીતે પછાત વર્ગની ૧૨,૨૫,૮૧૩ કન્યાઓને રૂ.૩૭૪.૦૦ કરોડની સાયકલઆપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો રાજકોટમાં ભવ્ય રોડ-શો, જનમેદની ઉમટી પડી

શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએ મોદીનું સ્વાગત કર્યું : આ પ્રસંગે ગરબા, તલવાર, રાસ, પરંપરાગત વેશભૂષા છત્રીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકાર્યા

રાજકોટ,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે ગુજરાત પ્રવાસનો પ્રથમ દિવસ છે. તેમણે જૂનાગઢમાં જનસભાને સંબોધિત કર્યા બાદ રાજકોટમાં એરપોર્ટથી કેસરીયા રંગથી સુશોભિત કારમાં ભવ્ય રોડ-શો યોજ્યો છે. આ રોડ-શોમાં તેમણે લાખોની સંખ્યામાં ઉમટી પડેલી જનમેદનીનું અભિવાદન જીલ્યું હતું. આશરે ૧.૫ કિમી લાંબા આ રોડશોમાં પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની સાથે ગાડી ઉપર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ સાથે જોડાયા હતા. રેસકોર્સ સુધી ભવ્ય રોડ શો બાદ ઁમોદી જાહેર સભાને સંબોધિત કરશે. આ સાતે તેઓ રાજકોટને રૂપિયા ૮૫ કરોડના ખર્ચે બનેલા રિજનલ સાયન્સ સેન્ટરનું પણ ઉદઘાટન કરશે અને રૂપિયા ૭ હજાર કરોડથી વધારેના વિકાસને લગતા કાર્યોની સોગાદ આપશે.

રોડ શો દરમિયાન ભાજપના આગેવાનોએ તથા શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓએઁમોદીનું સ્વાગત કર્યું છે. આ પ્રસંગે ગરબા, તલવાર, રાસ, પરંપરાગત વેશભૂષા છત્રીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આવકારી રહ્યા છે.

ઁમોદીના આગમન અગાઉ શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવામાં આવી છે. રાજકોટમાંઁમોદીના રોડ શો માટે ૬૭ જેટલા સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા છે. આ સાથે અનેક સમાજના અગ્રણીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં અનેક રાજકીય તથા સામાજીક આગેવાનો વડાપ્રધાનનું સ્વાગત કરવા માટે પહોંચ્યા હતા. લોકો પુષ્પવર્ષા પણ કરતાં હતા.

શહેર-જિલ્લામાં કોરના કેસ અને ડિસ્ચાર્જ શૂન્ય

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં સતત ત્રીજા દિવસે તો જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩ દિવસ બાદ કોરોનાનો કેસ નોંધાયો નથી. શહેર-જિલ્લામાં આજે એક પણ દર્દી રિકવર ન થતાં કોઈને ડિસ્ચાર્જ અપાયુ નથી. આમ શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ સપ્તાહમાં ન હોય તેવુ બીજીવાર બન્યુ છે. જો કે આજે શહેર-જિલ્લામાં એક પણ દર્દીને ડિસ્ચાર્જ નથી અપાયુ તેવી ઘટના પ્રથમવાર બની છે. શહેર-જિલ્લામાં વેક્સિનેશન અભિયાન સઘન બનાવવા પર ભાર મુકવામાં આવ્યો છે તેમજ ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા અને જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાય તે જોવાની સૂચનાઓ આપવામાં આવી છે.

TV રીપેરીંગ
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેકટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

મોદીએ નામ લીધા વિના આપ પર કર્યો પ્રહાર : આંખ લાલ કરવી પડશે

પીએમ મોદીએ કહ્યું કે, ગુજરાતનો વિકાસ જોઈને કેટલાક રાજકીય દળોના પક્ષોના પેટમાં દુઃખાવો થાય છે

જુનાગઢ, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જુનાગઢમાં આમ આદમી પાર્ટી પર પ્રહાર કર્યો હતો. જુનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં આયોજિત કાર્યક્રમમાં પહેલા તેમણે વિકાસ કાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. તે પછી પીએમ મોદીએ કહ્યું કે, કેન્દ્ર અને રાજ્યની ડબલ એન્જિનની સરકારમાં ગુજરાત ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે, એક સમય હતો, કે જ્યારે લોકો કામ માટે જુનાગઢ છોડીને જઈ રહ્યા હતા, પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે. તે પછી પીએમ મોદીએ કહ્યું કે, ઘણા રાજકીય પક્ષોના લોકો જેમ-તેમ બોલીને ગુજરાતનું અપમાન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, હવે તેમની સામે લાલ આંખ કરવાનો સમય આવી ગયો છે.

મોદીએ પોતાના ભાષણમાં આમ આદમી પાર્ટીનું નામ નહોંતું લીધું. પરંતુ મનાઈ રહ્યું છે કે, તેમણે કરેલી વાત એ 'આપ'ના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાના વાયરલ થયેલા કેટલાક વિડીયો બાદ ઊભા થયેલા વિવાદ પર પોતાની શૈલીમાં આપેલો જવાબ માનવામાં આવી રહ્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, ગુજરાતનો વિકાસ જોઈને આ

રાજકીય દળોના પક્ષોના પેટમાં દુઃખાવો થાય છે. તેમણે કહ્યું કે, આ પક્ષોએ ગુજરાતની જનતાનું અપમાન કરવામાં કંઈ બાકી રાખ્યું નથી. તેની સામે હવે લાલ આંખ કરવી જરૂરી છે. આ પ્રકારની વિકૃત માનસિકતાઓથી લોકોને ચેતવવા જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, ગોપાલ ઈટાલિયાનો પહેલા પીએમ મોદીને નીચ કહેતો અને પછી તેમની માતા હિરાબાને અપમાનિત કરતો વિડીયો વાયરલ થયો હતો. આ મામલે મોટો વિવાદ ઊભો થયો હતો અને ઈટાલિયાને રાષ્ટ્રીય મહિલા કમિશન (રઝઉ) સમક્ષ રજૂ થવું પડ્યું હતું.

પીએમ મોદીએ સભામાં સંબોધનની શરૂઆત જય ગિરનારી સાથે કરી હતી. તેમણે કહ્યું કે, જુનાગઢની ધરતી સિંહની ધરતી છે અને નરસિંહની ધરતી પણ છે. તેમણે કહ્યું કે, સૌરાષ્ટ્રની ધરતી પર નર્મદાના પાણીથી ઘણું મોટું પરિવર્તન આવ્યું છે. વડાપ્રધાને કહ્યું કે, આજે જુનાગઢની કેરી દુનિયાભરમાં પ્રસિદ્ધ છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૮ વર્ષોમાં ગુજરાતને ડબલ એન્જિન સરકારનો લાભ થયો છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com